ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૮૫/૪
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા. ૦૧ – ૦૧ – ૨૦૧૧.

**:–: પ રિ પ ત્ર :–:**

વિષયઃ– **નિગમની વસાહતોમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ની કચેરી માટે જમીન અથવા તૈયાર શેડ/ બિલ્ડીગ ફાળવવા બાબત.**

નિગમની જુદી જુદી વસાહતોમાં વિવિધ પ્રકારના રાસાયણિક ઉદ્યોગો સ્થાપવા અને આવા વધુ એકમોને નિગમ ધ્વારા જમીનોની ફાળવણી કરવામાં આવી રહેલ છે તો એકમો ધ્વારા થતા પાણી તેમજ વાયુ પ્રદુષણના નિયમન/નિયંત્રણ માટે તેમજ અન્ય ચકાસણી અર્થે સરકારશ્રી ધ્વારા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની રચના કરવામાં આવેલ છે.

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ધ્વારા જી.આઈ.ડી.સી. ની ઔદ્યોગિક વસાહતો/સ્થળો ખાતે તેઓની પ્રાદેશિક તેમજ વીજીલન્સ કચેરી સ્થાપવા માટે અંદાજે ૧૫૦૦ થી ૨૦૦૦ ચો.મી. જેટલી ખુલ્લી જગ્યા અથવા ૨૦૦૦ થી ૨૫૦૦ ચો. ફુટ ના બાંધકામ ધરાવતો શેડ/મકાનની ટોકન દરે ફાળવણી કરવા માંગણી કરેલ છે.

હાલમાં સમગ્ર દેશમાં પ્રદુષણ એ ઘણીજ અગત્યની બાબત છે. નિગમની કેટલીક વસાહતો રાસાયણિક ઉદ્યોગો માટે નિયત કરાયેલ છે તેમજ અન્ય વસાહતોમાં પણ આવા પ્રકારના તેમજ તેને સંલગ્ન ઉદ્યોગો સ્થપાયેલ છે. આથી પ્રદુષણ નિયંત્રણની કામગીરી અર્થે સ્થાનિક સ્તરે ઝડપી કામગીરી કરવી આવશ્યક હોઈ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની પ્રાદેશિક કચેરી તેમજ વીજીલન્સ કચેરી સ્થાપવાનું યોગ્ય જણાતા નિગમની તા.૧૩–૧૨–૨૦૧૦ ના રોજ મળેલ ૪૫૨ મી સભા સમક્ષ કાર્યસુચિ સાદર કરવામાં આવેલ. જેના ઠરાવ ક્રમાંક/૧૪૨/વિતરણ/૪૫૨/૨૦૧૦ મુજબ નિગમની પૂર્ણ વિકસીત અને સામાન્ય વસાહતોમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડને **(૧)** અંકલેશ્વર **(૨)** સુરત **(૩)** કચ્છ (ભુજ અથવા ગાંધીધામ અથવા અંજાર) **(૪)** અમદાવાદ (વટવા અથવા ઓઢવ) **(૫)** હિંમતનગર **(૬)** દહેજ **(૭)** નડીયાદ **(૮)** ગોધરા **(૯)** સુરેન્દ્રનગર **(૧૦)** પોરબંદર **(૧૧)** ભાવનગર **(૧૨)** જુનાગઢ ખાતે અગ્રતાક્રમ ધ્યાને લીધા વિના ખાસ કિસ્સામાં હરાજી વગર રૂા.૧/– પ્રતિ ચો.મી. ના ટોકન દરે વધુમાં વધુ ૨૦૦૦ ચો.મી. જમીન અથવા વધુમાં વધુ ૨૫૦૦ ચો. ફુટનું તૈયાર બિલ્ડીંગ અથવા શેડ ફાળવી આપવાનું. જે વસાહતમાં કોઈ પ્લોટ કે શેડ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં નિગમની વસાહતમાં ઉપલબ્ધ COP/પી.પી. એરીયા/યુટીલીટી પ્લોટ વાળી જમીન હેતુફેર કરી રૂા.૧/– પ્રતિ ચો.મી. ના ટોકન દરે ફાળવી શકાશે.

આવી ફાળવણીની દરખાસ્ત અંગે નિર્ણય લેવાની સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સોંપવામાં આવેલ છે. જેની સર્વે વિતરણ અધિકારીશ્રીઓએ નોંધ લેવી તથા આ સુચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજર (વિતરણ)ને નામજોગ મોકલી આપવાની રહેશે.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

- નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ...........

**નકલ જયભારત સહ રવાના.**

- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ તેમજ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળોના પ્રમુખશ્રીઓને જાણ કરવા સારૂ.
- મદદનીશ મેનેજર,ઉપા.અને વ.સં.શ્રી (સેલ) જી.આઈ.ડી.સી. વડી કચેરી, ગાંધીનગર તરફ જાણ તેમજ સદર પરિપત્ર નિગમની વેબ સાઈટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યુ.
સહી/–
જનરલ મેનેજર (ઈ એન્ડ એ)